વમળોની વચ્ચે નૈયા મુજ હાલકડોલક થાજો, શ્રદ્ધા કેરો દીપક ના કદીયે ઓલવાજો, મારું જીવન અંજલિ થાજો...

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૭૯ | ૮ સપ્ટેમ્બર, ૨૦૨૦, મંગળવાર; ભાદરવા વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

**નવા કેસ**

| | |
|---|---|
| રાજ્ય | ૧૩૩૦ |
| અમદાવાદ | ૧૭૨ |
| ગાંધીનગર | ૩૫ |

# રશિયા હવે ભારતને વેક્સિન પણ આપશે

## કોરોના સામેના જંગમાં રશિયાનો સાથ પણ મળશે : રશિયાની કોરોના વેક્સીનના સપ્લાય, ઉત્પાદનને લઈને ભારત અને રશિયાની વચ્ચે અનેક સ્તરોની વાતચીત : આગામી સપ્તાહે લોકોને આપવાની તૈયારી

મૉસ્કો, તા.૭

ચીન સાથેના તણાવની વચ્ચે રશિયાએ સતત ભારતનો સાથ નિભાવ્યો છે. તે જી-૪૦૦ એન્ટી મિસાઈલ સિસ્ટમની ઝડપથી ડિલીવરી હોય કે પછી એકે-૪૭ ૨૦૩ બંદૂકોની ડીલ, તમામમાં ભારતીય પક્ષને સમર્થન આપ્યું છે. આ દરમિયાન વધુ એક સારા સમાચાર છે કે કોરોનાની વિરુદ્ધ જંગમાં પણ બંને દેશોની સાથે લડવા માટે મોટો નિર્ણય લીધો છે. હાલમાં જ લૉન્ચ કરવામાં આવેલી રશિયાની કોરોના વેક્સીનના સપ્લાય અને ઉત્પાદનને લઈને ભારત અને રશિયાની વચ્ચે અનેક સ્તરોની વાતચીત ચાલી રહી છે. ટૂંક સમયમાં જ આ વેક્સીન ભારતને મળી શકે છે. ભારતમાં રશિયાની રાજદૂત નિકોલેય કુશાદેવે જણાવ્યું કે આ વાતચીત પોતાના અંતિમ ચરણમાં છે અને ટૂંક સમયમાં જ આ વિશે કોઈ મોટી જાહેરાત કરી શકે છે. એક રિપોર્ટ મુજબ રશિયાએ ભારતની સાથે સ્પૂતનિક-ફને લઈને સહયોગ તરીકે શૅર કર્યો છે. હાલ ભારત સરકાર આ વાત પર વિચાર કરી રહી છે કે આ વેક્સીનને કેવી રીતે ઉપયોગમાં લાવી શકાય છે. રશિયાના રાજદૂત કુશાદેવે કહ્યું કે, કેટલીક જરૂરી ટેકનીકલ પ્રક્રિયાઓ બાદ વેક્સીન મોટાપાયે (અન્ય દેશોમાં પણ) ઉપયોગ કરી શકાશે. રિપોર્ટ મુજબ, રાજનાથ સિંહના એસઈઓની બેઠક માટે રશિયાના પ્રવાસ દરમિયાન પણ એક રશિયન પ્રતિનિધિમંડળ સાથે વેક્સીનના ભારત આવવા વિશે ચર્ચા થઈ છે. હવે વિદેશ મંત્રી એસ. જયશંકરના હાલના રશિયા પ્રવાસ દરમિયાન પણ કોરોનાની વેક્સીનને લઈ ચર્ચા થશે. નોંધનીય છે કે, રશિયા આ સપ્તાહથી કોરોના વેક્સીન સ્પૂતનિક-ફને સામાન્ય નાગરિકો માટે ઉપલબ્ધ કરાવવા જઈ રહ્યું છે. આ વેક્સીનને મૉસ્કોના ગામલેયા રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટે રશિયાના રક્ષા મંત્રાલયની સાથે મળી એડેનોવાયરસને બેઝ બનાવીને તૈયાર કરી છે. રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિને ૧૧ ઓગસ્ટે દુનિયાની પહેલી કોરોના વેકસીનનો લૉન્ચ કરી હતી. રશિયાની સાથે વેક્સીનની સપ્લાય, સાથે મળી ઉત્પાદન સહિત અન્ય મુદ્દાઓ પર ચર્ચા થઈ રહી છે. ઉલ્લેખનીય છે કે, લેસેન્ટ જર્નલ અનુસાર પ્રારંભિક ટ્રાયલમાં આ વેક્સીનની કોઈ ગંભીર સાઈડ ઈફેક્ટ નથી સામે

● અનુસંધાન પાન-૭ પર


# શિવસેના સાથેના વિવાદથી કંગનાને Y-કેટેગરીની સુરક્ષા

મુંબઈ, તા. ૭

સુશાંત સિંહ રાજપૂતના કેસના મામલે અભિનેત્રી કંગના

**કંગના મુંબઈ જાય તે પહેલાં કેન્દ્ર સરકારનું પગલું : કંગના રનૌતે ગૃહપ્રધાન અમિત શાહનો આભાર માન્યો**

રણૌત અને શિવસેના નેતાઓ વચ્ચે શાબ્દિક યુદ્ધ વધતાં તેને કેન્દ્ર સરકારે વાય કેટેગરીની સુરક્ષા પૂરી પાડી છે. કંગના ૯મી સપ્ટેમ્બરે મુંબઈ જવાની છે. શિવસેનાના કાર્યકર્તાઓ દ્વારા થયેલા કેટલાક વિરોધ પ્રદર્શનને ધ્યાનમાં લઈને હવે કંગનાને કેન્દ્ર



સરકાર તરફથી રૂ કેટેગરીની સુરક્ષા આપવામાં આવી છે. ૯ સપ્ટેમ્બરના રોજ જ્યારે કંગના રણૌત મુંબઈ એરપોર્ટ પર ઉતરશે ત્યારે સુરક્ષાકર્મીઓ તેની સાથે હશે. ગૃહ મંત્રાલય દ્વારા આપવામાં આવેલી જાણકારી

● અનુસંધાન પાન-૭ પર







**કહે છે. કોરેનાના સમયમાં ડાયાબિટીસવાળાને જોખમ છે, જો ઈન્ફેક્શનથી બચીને રહો તો ડાયાબિટીસ વાળાને લહેર છે.**

કોરોનાના કેસો પૂરઝડપથી વધી રહ્યા છે. ત્યારે આગમચેતી રાખવી એ સમજદારીભર્યું છે. ખાસ ડાયાબિટીસ ધરાવતા મિત્રોએ ખૂબ કાળજી અને સાવચેતી રાખવી જોઈએ. ઈમ્યુનિટી તો વધારવી જ પણ સાથે ઈન્ફેક્શન ના થાય તેની પણ તકેદારી રાખવી.

● વારંવાર હાથ ધોવાથી અને માસ્ક પહેરી રાખવાથી ચેપની શક્યતા ઘટી જાય છે.


● વ્યક્તિઓ સાથેનો સીધો સંપર્ક ટાળવો, ઘરને કોરોના સામેના કવચ તરીકે જોઈ ઘરમાં જ રહો, ખૂબ જ જરૂરી હોય તો જ બહાર નીકળવું.

● જો સામાન્ય ફ્લુ કે શરદી જેવું લાગે તો તુરંત તમારા કન્સલટિંગ ડૉક્ટરની સલાહ લેવી. ઉપરાંત તમારી દવાઓ ડૉક્ટરની સલાહ મુજબ જેમ રોજ લેતા હોવ, તેમ ચાલુ રાખવી.

ડાયાબિટીસમાં મોટી ઉંમરના અને નાની ઉંમરના બંને લોકોમાં રોગપ્રતિકારક શક્તિ ઓછી-વત્તી થવાથી ઈન્ફેક્શન થવાની શક્યતા રહે છે. TYPE-1 વાળા નાના ભૂલકાંઓ અને ૬૦ વર્ષથી ઉપરના નિવૃત લોકોએ ઘરની બહાર ન નીકળવું જોઈએ. ૨૦-૪૫ વર્ષ ના યુવાનોએ થોડું-થોડું કરીને રોજિંદુ જીવન કાર્યરત કરવું જોઈએ. ખાસ કરીનો ગર્ભાવસ્થાવાળી મહિલાઓમાં જ્યારે ડાયાબિટીસ હોય છે ત્યારે ગર્ભવતી બહેન અને ગર્ભ બંનેનો ડાયાબિટીસ કન્ટ્રોલમાં રાખીને કોરોનાના ઈન્ફેક્શન સામે રક્ષણ આપવું જરૂરી છે. આમ ડાયાબિટીસવાળા સર્વ લોકો માટે સ્વાસ્થ્ય ડાયાબિટીસ કેર સંસ્થાએ ડાયાબિટીસ અને કોરોના પર વેબીનારનું આયોજન કરેલ છે. વેબીનાર માં **નીઃશુલ્ક રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો. સ્વાસ્થ્ય ડાયાબિટીસ કેર. મો.:+૯૧-૯૩૭૪૨૨૩૮૩૭**

સ્વાસ્થ્ય SWASTHYA DIABETES CARE


# ભાવભીની અંજલિ



**સ્વ. કે. ડી. મહિડા**

અધિક સચિવ (નિવૃત્ત)

જ.તા.૩૧-૮-૧૯૪૮ સ્વ.તા.૨-૯-૨૦૨૦

સ્વ. કરણસિંહ મહિડાનો જન્મ સ્વ.દોલતસિંહ સાહેબસિંહ મહિડા અને માતા હીરાબા દોલતસિંહ રણા-મહિડાની કૂખે ખમીરવંતી અને સુજલામ સુફલામ ચરોતર ભૂમિના ખેડા મુકામે તા. ૩૧-૮-૧૯૪૮ના રોજ થયેલો. સ્વ. કરણસિંહ મહિડા મહિમાવંત મહિડા દંપતીની કૂખે જન્મેલ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ જેવા ત્રણ ભાઈ અને ગંગા-જમના જેવી બે બહેનો એમ પાંચ સંતાન-રત્નો પૈકી દ્વિતીય ક્રમે અને ભાઈઓમાં પ્રથમ ક્રમે હતા. સન ૧૯૬૦માં અલગ થયેલા ગુજરાતની ૧૯૭૨ની સીધી ભરતીની દ્વિતીય બેચના તેજસ્વી ચાર સેક્શન અધિકારીઓ, સર્વશ્રી શ્રીધર વાઘ, શ્રી ગંગાસિંહ પરમાર અને એમ.સી.પટેલ પૈકી સ્વ.મહિડા GPSCમાં દ્વિતીય ક્રમે ઉત્તીર્ણ થઈને, બી.એ., અર્થશાસ્ત્ર અને LLBના અભ્યાસ સાથે ૨૪ વર્ષની યુવાન વયે ગાંધીનગર ખાતે સચિવાલયમાં જોડાયેલા. માર્ચ ૧૯૮૦માં ઉપસચિવ, ઓક્ટો. ૧૯૮૫માં નાયબ સચિવ, જુલાઇ ૧૯૯૧માં સંયુક્ત સચિવ અને તા. ૧૦-૧૨-૧૯૯૭ના રોજ અધિક સચિવ તરીકે ઉત્તરોત્તર બઢતી મેળવીને સન ૨૦૦૬માં નિવૃત્તિ સુધી મહિડા સાહેબે ૩૪ વર્ષ સુધી સચિવાલયમાં ઉચ્ચ અધિકારી તરીકે, વર્તમાન અને આવનારી પેઢીઓ યાદ કરે તેવી અવિસ્મરણીય અને પ્રેરણાદાયી સરકારી સેવાઓ આપેલ છે.

ગુજરાતમાં રાજકીય સુવર્ણ યુગના પ્રણેતા ચક્રવર્તી સમ્રાટ પાટણપતિ સિદ્ધરાજ જયસિંહ સોલંકીની દેદીપ્યમાન કુળ પરંપરામાં મહિડા-સોલંકી શાખામાં ૪૦મી પેઢી તરીકે જન્મ લઈને આપે સરકારી કારકિર્દીમાં પણ સુવર્ણ યુગ સ્થાપ્યો હતો. અધિકારી તરીકે, વ્યક્તિ તરીકે, સ્વજન તરીકે આપના વાણી, વર્તન અને નિર્ણયોમાં આપે જાતિ કે ધર્મના ભેદભાવ વગર જન્મથી મૃત્યુ સુધી રાજસી વૃત્તિ, સંવેદનશીલતા, પરોપકારીતા દીપાવી હતી. સચિવાલય અને ક્ષેત્રિય સંવર્ગના વર્ગ – ૪ થી વર્ગ – ૧ સુધીના કર્મચારી ગણના પ્રાણ પ્રશ્નોના નિરાકરણ માટે આપે સરકાર અને કર્મચારી ગણ વચ્ચે સમાધાન સેતુની ભૂમિકા નિભાવીને સુમેળભર્યા અને સર્વસંમત માર્ગો શોધ્યા હતા. સચિવાલય સેવા વર્ગ – ૧, એસોસીએશનના પ્રમુખ તરીકે આપે સચિવાલય સેવાના કર્મચારીઓની ગરિમા જાળવીને તેમણે મળવાપાત્ર હક્કો અપાવ્યા હતા, તેના અમે સૌ સહભાગી અને સાક્ષી રહ્યા છીએ.

સચિવાલયની ફાઈલોમાં આપના મોતીના દાણા જેવા હસ્તાક્ષરો, સરકારને નિર્ણય તરફ દોરી જતી અકાટ્ય નોંધો અને અદાલતોમાં ટકી શકે તેવા હુકમો, સરકારી અધિકારીઓની આવનારી પેઢીઓ માટે તાજમહાલ, અક્ષરધામ, લાલ કિલ્લા અને રાજા મહારાજાઓના કોટ કિલ્લાની જેમ સ્મારકો બની પ્રેરણા આપતા રહેશે. ન પૂરી શકાય તેવી ખોટ જેવા આપના નિધનના પ્રસંગે આપના શોકસંતપ્ત સ્વજનો, ગંગા સ્વરૂપ પત્ની અનુબા, અનુજ બંધુઓ દિલીપસિંહ, યશવંતસિંહ, બહેન શાંતાબા, જસુબા, પુત્ર ધવલસિંહ, પુત્રી ગાયત્રીબાના દુઃખમાં ભાગીદાર એવા સચિવાલય પરિવારના મિત્રો, સહકાર્યકરો આપને નમ્ર શ્રદ્ધાંજલી સાથે આપની પરમગતિ માટે પ્રભુને પ્રાર્થના કરીએ છીએ.

**કે. જી. વણઝારા**

અધિક સચિવ (નિ), પૂર્વ પ્રમુખ, ગુજરાત સચિવાલય વર્ગ – ૧

(ઉપસચિવ, નાયબ સચિવ, સંયુક્ત સચિવ, અધિક સચિવ) એસોસીએશન

- **શ્રીધર વાઘ**, અધિક સચિવ (નિ)
- **અશોક માણેક**, અધિક સચિવ ગુજરાત ચૂંટણી કમિશન
- **કે.બી.મકવાણા**, અધિક સચિવ(નિ)
- **જશવંત ગાંધી**, સં.સચિવ (નિ), પૂર્વ ઉપપ્રમુખ સચિવાલય વર્ગ – ૧ મંડળ
- **જે.એસ. મિષણ**, નાયબ સચિવ, મહામંત્રી સચિવાલય વર્ગ – ૧ મંડળ
- **ગંગાસિંહ પરમાર**, અધિક સચિવ (નિ)
- **હર્ષ બ્રહ્મભટ્ટ**, અધિક સચિવ (નિ)
- **રસિક કટારા**, નાયબ સચિવ(નિ), પૂર્વ પ્રમુખ ગુજરાત ઉત્કર્ષ મંડળ
- **ભવાનસિંહ પરમાર**, પ્રમુખ સચિવાલય સેક્શન ઓફિસર વર્ગ – ૨ મંડળ
- **કેતન મેશ્રી**, ઇન્ચાર્જ પ્રમુખ, ગુજરાત, સચિવાલય સ્ટાફ એશોસીએશન